# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

---

પ્રતિ, તા. ૨૨/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

**લિ.**

**મિડીયા સેલ**

ભાજપ–સુરત મહાનગર

- **સુરતમાં જે વિકાસ થયો છે તે અન્ય મહાનગરોમાં પણ થયો નથી : મહારાષ્ટ્ર રાજ્યના જળ સંપદા મંત્રી માન. શ્રી વિજયબાપુ શિવતારેજી**
- **હું અહિં પાર્ટી તરફથી નથી આવ્યો, પરીવાર માટે આવ્યો છું : શિવસેના અગ્રણી શ્રી શિવતારેજી**
- **ઝંખનાબેન સૌથી વધારે લીડથી જીતે એજ સ્વ. રાજાભાઈને સાચી શ્રધ્ધાંજલી.**

ભારતીય જનતા પાર્ટી, ૧૬૮–ચોર્યાસી વિધાનસભાના મુખ્ય ચૂંટણી કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે આવેલા મહારાષ્ટ્ર રાજ્યના જળ સંપદા મંત્રી માન. શ્રી વિજયબાપુ શિવતારેજીએ જણાવ્યું હતું કે સ્વ. રાજાભાઈ પટેલ મારા ખાસ મિત્ર હતા. મુંબઈમાં અમે સાથે રહ્યા છીએ. રાજકારણમાં પણ અમે સાથે પ્રવેશ કર્યો હતો. હું અહિં પાર્ટી તરફથી નથી આવ્યો, પરીવાર માટે આવ્યો છું. ચોર્યાસી વિધાનસભા મતવિસ્તારના ભાજપના લોકપ્રિય ઉમેદવાર શ્રીમતી ઝંખનાબેન પટેલ ભારે લીડથી જીતે એજ સ્વ. રાજાભાઈને સાચી શ્રધ્ધાંજલી.

શ્રી શિવતારેજીએ વધુમાં જણાવ્યું હતું કે, સુરત શહેરે જે વિકાસની હરણફાળ ભરી છે તેવો વિકાસ દેશના અન્ય કોઈ પણ શહેરમાં થયો નથી. આપણે સૌ મળી 'અડિખમ વિકાસ'ના પંથે ચાલનારી સરકારના ઉમેદવારોને મત આપી અને અપાવી ભવ્ય વિજયી બનાવીએ. શ્રી શિવતારેજીએ જણાવ્યું કે, મુંબઈ મહાનગરના અધ્યક્ષ શ્રી આશિષજી શેલાર અહિં આવી કાર્યકર્તાઓને જે માર્ગદર્શન આપી રહ્યા છે તે માટે તેઓને પણ હું શુભકામના પાઠવું છું.




